GJVD040022562025

**-: આંક-૧ લગત હુકમ:-**

(૧) આ કામના આરોપી સામે બી.એન.એસ.ની કલમ-૨૮૫ મુજબનો ગુનો નોંધાયેલો હોય જે અનુસંધાને ત.ક.અમલદાર દ્વારા તપાસ કરીને પુરતો પુરાવો જણાતાં જે મુજબના ગુના સબબનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) આરોપીને પ્રોસેસની બજવણી કરતા જે લગત આરોપી આજરોજ અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેતા, આરોપીની પ્લી લેતાં તેઓને આ ગુનો કબુલ છે. આરોપીનો આ અંગે જવાબ લેવામાં આવેલ છે અને આરોપીએ જણાવેલ છે કે કહેવાતો ગુનો તેમનાથી અજાણતા થઇ ગયેલ છે અને તેનો તેમને પારાવાર પસ્તાવો થઇ રહ્યો છે અને ગુના કબુલાત પુરસીસ રજુ કરી જણાવેલ છે કે, તેઓ ખુબ જ ગરીબ વર્ગના માણસ છે અને આ ગુનો અજાણતાથી થઇ જવા પામેલ છે. ભવિષ્યમાં આવુ કોઈ જ કૃત્ય તેઓ કરશે નહિ અને ઘરમાં કમાનાર સભ્ય તરીકે તેઓ એકલા જ છે અને આ સંજોગોમાં દયા ભાવ રાખી, ઓછામાં ઓછી સજા/દંડ કરવા વિનંતી કરેલ છે. આરોપીની રજુઆતો અને આક્ષેપિત ગુનાની સજા/દંડ અંગેની જોગવાઇ ધ્યાને લીધી.આરોપીની ઉંમર અને તેમની પરિસ્થિતિ ધ્યાને રાખતાં, અને કેસનો તબક્કો જોતા, કેસના પ્રારંભિક તબક્કે જ આરોપી ગુનો કબુલ કરે છે અને દયાભાવ રાખવા વિનંતી કરેલ છે.

(૩) સદર કામે આરોપી ગુનાની કબુલાત કરતા હોય, તેમજ ગુનાની ગંભીરતા તથા સજાની જોગવાઇ તેમજ આરોપીની કબુલાત તથા કેસના સંજોગોને ધ્યાને લેતાં, તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ***STATE OF GUJARAT vs. NATWAR HARCHANDJI THAKOR*** ના ચુકાદામાં ઠરાવેલ છે કે,''*The State Legislature*

*has circumscribed the discretion, requiring the Court to impose minimum sentence and left it open to award less than the minimum sentence, statutorily prescribed, for special and adequate reasons to be recorded in writing in the judgment. It leaves no any manner of doubt that it is always open for the competent Court to impose lesser than minimum, for in (sic.) presence of special and adequate reasons, to the contrary to be mentioned in the judgment of the Court, which are attributable and relatable to the accused in a given factual profile of the case of each accused. "* સદર ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત તેમજ ઉપરોકત સંજોગો અને કેસની હકીકતો અને આરોપીની રજુઆતો જોતાં, આરોપીને તેમની સામેના આક્ષેપિત ગુનામાં તકસીરવાન ઠરાવી, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## //હુકમ //

આ કામના **આરોપી અઝરૂદીન અલ્લાઉદીન શેખને** બી.એન.એસ.ની કલમ-૨૮૫ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીએ **રૂા.૫૦૦/- (અંકે રૂપિયા પાંચ સો પુરા)** દંડ પેટે ભરવા તેવો હુકમ કરવામાં આવે છે. જો આરોપી દંડ ના ભરે તો **દિન-૦૨** ની સાદી કેદની સજા ભોગવવી.

હુકમ આજરોજ તા.૧૧[મી], માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ. ૧૧/૦૭/૨૦૨૬
સ્થળ. પાદરા

**(વિજયસિંહ ભાવસિંહ ચૌહાણ)**
એડિ.ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ
પાદરા, જિ.વડોદરા
***CODE NO GJ01045***

***// k.k.koradiya //***

Penalty Received Rs.........
Page/Receipt No.............
Date:-11/07/2026 Nazir